# શ્રી વસિષ્ઠ વિદ્યાલય,વાવ.(ગુજરાતી માધ્યમ)

મુ.પો.વાવ,તા.કામરેજ,જિ.સુરત.,પીન કોડ, ૩૯૪૧૮૫

આત્મીય વાલીશ્રી, તા. 16-07-2026

સવિનય સાથ જણાવવાનું કે વિદ્યાર્થીના ભવિષ્યમાં અભ્યાસ કે પાસપોર્ટ માટે કોઈ મુશ્કેલી ન સર્જાય તેથી ધો.૯ થી ૧૨ ના વિદ્યાર્થીના નામમાં, અટકમાં, જાતિ, જન્મતારીખ, જન્મસ્થળ, પિતાના નામમાં ફેરફાર/સુધારો કરવાની જરૂરિયાત જણાય તો આપ તા.૧૭-૦૭-૨૦૨૬ થી તા. ૨૦-૦૭-૨૦૨૬ સુધીમાં શાળાની ઓફિસમાં નીચે જણાવેલ મુજબ જરૂરી પુરાવા લઈને સમય સવારે ૯:૦૦ થી ૧:૦૦ વાગ્યા દરમિયાન રૂબરું મળી જશો. D.E.O. કચેરી દ્વારા આ સુધારા "સુધારા કેમ્પ" દરમિયાન જ કરવામાં આવે છે ત્યાર પછીના સમયે વાલીશ્રીએ કરેલી કે શાળાએ કરેલી રજૂઆત ધ્યાને લેવામાં આવતી નથી.

નોંધ :-

(૧) આપના બાળકની વિગત આપશ્રી દ્વારા શાળામાં જમા કરાવેલ લીવિંગ સર્ટી (L.C) મુજબ શાળા (શ્રી વસિષ્ઠ વિદ્યાલય) ના જી.આર.માં નોંધવામાં આવેલ છે. જેમાં આપશ્રીને નામમાં, અટકમાં, જાતિ, જન્મતારીખ, જન્મસ્થળ, પિતાના નામમાં ફેરફાર/સુધારો કરવાની જરૂરિયાત જણાય તો પુરાવા લઈને રૂબરું મળી જશો.

(૨) બાળકની કોઈ પણ વિગતમાં સુધારો કે ફેરફાર ન હોય તેવા વાલીશ્રીએ શાળાની ઓફિસમાં આવવાની જરૂર નથી.

## જે તે સુધારા કરવા માટે રજૂ કરવાના આધારોની વિગત

- વિદ્યાર્થીના નામમાં સુધારો કરવા રજૂ કરવાના આધારો.
  - ૧. વિદ્યાર્થીનું જન્મ નોંધણીનું પ્રમાણપત્ર (જન્મ તારીખનો દાખલો) અથવા
  - ૨. કોર્ટનો હુકમ
- વિદ્યાર્થીના અટકમાં સુધારો કરવા રજૂ કરવાના આધારો
  - ૧. વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર
  - ૨. વિદ્યાર્થીના પિતાની એલ.સી.ની નકલ
- વિદ્યાર્થીના જાતિમાં સુધારો કરવા રજૂ કરવાના આધારો
  - ૧. વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર
  - ૨. વિદ્યાર્થીના પિતાના એલ.સી/જાતિ પ્રમાણપત્રની નકલ અથવા કાકા,ભાઈ,બહેનના એલ.સી.ની નકલ/જાતિ પ્રમાણપત્રની નકલ, જે તે સંબંધનો પેઢીનામું અને સોગંદનામામાં સંબંધનો ઉલ્લેખ કરવાનો રહેશે.
  - ૩. વિદ્યાર્થીના પિતાની જાતિ અંગેના સક્ષમ અધિકારીએ આપેલ પ્રમાણપત્રની નકલ (લાગુ પડે તે વ્યકિતઓએ)
- વિદ્યાર્થીના જન્મતારીખમાં સુધારો કરવા રજૂ કરવાના આધારો
  - ૧. વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર
  - ૨. ધો.૧ માં પ્રવેશ વખતે લખાવેલ જન્મ તારીખનો આધાર સંબંધિત શાળા પાસેથી મેળવી રજૂ કરવો.
  - ૩. વિદ્યાર્થીના ધો. ૧ થી અત્યાર સુધીના તમામ પરિણામોની પ્રમાણિત નકલ
  - ૪. ધો.૧ થી જન્મ તારીખ સુધારા માટે દરખાસ્ત રજૂ કર્યાના વર્ષ સુધીમાં અભ્યાસ દરમિયાન નાપાસ થયેલ નથી તેવું આચાર્યશ્રીનું પ્રમાણપત્ર
- વિદ્યાર્થીના પિતાના નામમાં સુધારો કરવા રજૂ કરવાના આધારો
  - ૧. વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર
  - ૨. વિદ્યાર્થીના પિતાની એલ.સી.ની નકલ
  - ૩. કોર્ટનો હુકમ
- દત્તકવિધાન કેસમાં પિતાના નામમાં સુધારો કરવાના આધારો
  - ૧. વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર
  - ૨. સબરજીસ્ટર દ્વારા નોંધાયેલ દત્તક વિધાન
  - ૩. પરસ્પર વાલીઓની સંમતિ (સોગંદનામામાં સંમતિ)
  - ૪. આગલા પિતા હયાત ન હોય તો તેનો મરણનો દાખલો
  - ૫. રીમેરેજ કિસ્સામાં કોર્ટનો હુકમ
  - ૬. છુટાછેડાનો કોર્ટનો હુકમ
- વિદ્યાર્થીના નામની પાછળ પિતાના નામને બદલે માતાનું નામ સુધારવા.
  - ૧. વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર
  - ૨. પિતાના અવસાનનો દાખલો
  - ૩. છુટાછેડાના કિસ્સામાં કોર્ટનો હુકમ
  - ૪. પિતા હયાત હોય તો તેની સંમતિ (સોગંદનામા સ્વરૂપે)
  - ૫. અન્ય કારણો હોય તો તેના આધારો
- ઉપરના કોઈપણ સુધારા માટે વિદ્યાર્થીના વાલીશ્રીએ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ/નોટરી સમક્ષ કરેલ અસલ સોગંદનામું ૧૦૦ ના સ્ટેમ્પ પર રજુ કરવાનું રહેશે.

આચાર્યશ્રી

શ્રી વસિષ્ઠ વિદ્યાલય,વાવ.